# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 04-07-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ રાજ્યપાલના વટહુકમથી નવા કાયદાની જોગવાઈઓ લાગુ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- ✓ રાજ્ય સરકાર અંદાજે 24 હજાર 700થી વધુ શિક્ષકોની ભરતી કરશે.
- ✓ અમદાવાદની જગન્નાથજીની રથયાત્રા દરમિયાન 18 હજાર 700થી વધુ સુરક્ષાકર્મીઓ ખડેપગે રહેશે.
- ✓ માનવ કલ્યાણ યોજનાનો લાભ લેવા ઇચ્છુક નાગરિકો ઇ-કુટિર પોર્ટલ પર અરજી કરી શકશે.
- ✓ આજથી ત્રણ દિવસ દક્ષિણ ગુજરાત સહિતના અનેક ભાગોમાં ભારે વરસાદની આગાહી - રાજકોટનો ભાદર–2 ડેમ 81 ટકા ભરાયો

## NAVA KAYDA JOGVAI

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, દેશભરમાં પહેલી જુલાઈથી I.P.C, CrPC અને પૂરાવા અધિનિયમ સંબંધિત સંસદ દ્વારા નવા કાયદા બનાવી નવીન જોગવાઈઓ લાગુ કરવામાં આવી છે, જેના સંદર્ભે રાજ્યપાલના વટહુકમ દ્વારા આ જોગવાઈઓ સંબંધે રાજ્યના કાયદાઓમાં સંબંધિત સુધારા કરીને તેને લાગુ કરનાર ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય બન્યું છે.

શ્રી પટેલે કહ્યું કે, રાજ્ય સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ દ્વારા તમામ વહીવટી વિભાગોને સંબંધિત આવા કાયદાઓની જોગવાઇઓ ગુજરાત રાજ્યના કાયદાઓમાં ઓળખી તેને એકત્રિત કરવા સૂચના આપવામાં આવી હતી. જે મુજબ અત્યાર સુધીમાં રાજ્યમાં 137 જેટલા કાયદામાં ઉપરના કાયદાઓની વિવિધ

જોગવાઇઓમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આ અંગે માહિતી આપતા રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મુજબ જણાવ્યું...

(બાઇટ ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી, રાજ્ય સરકાર)

.................

## NAVA FOJDARI KAYDA - SHIBIR

દેશભરમાં અમલમાં આવેલા ત્રણ ફોજદારી કાયદાઓ અંગે લોકોમાં જાગૃકતા આવે તે હેતુસર, રાજ્યમાં  વિવિધ જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા શ્રેણીબદ્ધ "જનજાગૃતિ અભિયાન કાર્યક્રમ" યોજવામાં આવી રહ્યા છે.

ડાંગ જિલ્લામાં આહવા, વઘઇ, સુબીર, અને આહવા મહિલા પોલીસ મથકનાં **P.S.I.**એ નવા ત્રણ ફોજદારી કાયદા અંગે લોકોને જાગૃત કરવા માટે સેમિનારો, તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં જનજાગૃતિ કાર્યક્રમો યોજ્યા હતાં.

મહેસાણાની વિસનગરની સાકળચંદ પટેલ યુનિવર્સિટી સંલગ્ન સ્વામી સચિદાનંદ પોલીટેક્નિક કોલેજ ખાતે ડિપ્લોમા  એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ માટે ત્રણ નવા કાયદાના અમલીકરણ પર જાગૃતલક્ષી સેમિનાર  યોજાઈ ગયો.

.................

## SHIKSHAK BHARTI

રાજ્ય સરકાર આગામી ઑગસ્ટથી ડિસેમ્બર દરમિયાન વિવિધ જગ્યાઓ પર અંદાજે 24 હજાર 700થી વધુ શિક્ષકોની ભરતીની પ્રક્રિયા માટેની કાર્યવાહી હાથ ધરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, અનુદાનિત શાળાઓમાં આચાર્યની 1 હજાર 200 જેટલી અને અનુદાનિત શાળાઓમાં જૂના શિક્ષકની અંદાજે 2 હજાર 200 જેટલી જગ્યાઓ ભરવા માટેની સંભવિત જાહેરાત એક ઑગસ્ટે થશે. જ્યારે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની કુલ મળી અંદાજે ચાર હજાર જેટલી જગ્યાઓ

ભરાશે. આમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક માટે 750 અને અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક માટેની 3 હજાર 250 જગ્યાઓ હશે.

પ્રવક્તા મંત્રીએ ઉંમેર્યું કે, સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી માધ્યમમાં વિદ્યાસહાયક તરીકે ટેટ–2 પાસ ઉમેદવારો માટેની અંદાજે 7 હજાર જગ્યા, સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક ટેટ–2 પાસ ઉમેદવારોની અંદાજે 600 જેટલી જગ્યા ભરાશે.

આ ઉપરાંત સરકારી પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી માધ્યમમાં વિદ્યાસહાયક તરીકે ટેટ–1 પાસ ઉમેદવારો માટેની અંદાજે 5 હજાર જગ્યાઓ માટે તેમ જ સરકારી પ્રાથમિક શાળાઓમાં અન્ય માધ્યમમાં વિદ્યાસહાયક તરીકે ટેટ–1 પાસ ઉમેદવારો માટેની અંદાજે 1 હજાર 200 જગ્યાઓ માટે ભરતી કરાશે.શ્રી પટેલે કહ્યું, આ નિર્ણય અનુસાર ગઈકાલે જાહેર થયેલી ભરતીમાં ટેટ–1માં વર્ષ 2012થી 2023 સુધી પાસ થયેલા ઉમેદવારો તેમ જ ટેટ–2માં 2011થી 2023 સુધીમાં પાસ થયેલા ઉમેદવારો ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઉમેદવારી નોંધાવી શકશે.

.................

## Ahmedabad rathyatra

અમદાવાદમાં અષાઢી બીજે યોજાનારી ભગવાન જગન્નાથજીની 147મી રથયાત્રા દરમિયાન પોલીસ તંત્રની સજ્જતા અંગે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ ગઈ. આ બેઠકમાં મુખ્યમંત્રીએ પોલીસ અને સ્થાનિક પાલિકા તંત્ર સતર્ક રહેવા જણાવ્યું.

અમદાવાદમાં 16 કિલોમીટર લાંબા રૂટ પરની કાયદો-વ્યવસ્થા અને રથયાત્રા દરમિયાન સુરક્ષા-સલામતી વ્યવસ્થાઓ અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી. એસ. મલિકે બેઠકમાં પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. શ્રી મલિકે જણાવ્યું કે, રથયાત્રાને સફળ બનાવવા I.G. કક્ષાથી લઈ પોલીસકર્મીઓ સુધી કુલ 18 હજાર 700થી વધુ સુરક્ષાકર્મીઓ ખડેપગે રહી ફરજ નિભાવશે.

શ્રી મલિકે જણાવ્યું કે, રથયાત્રામાં જોડાનારા રથ, ટ્રક, અખાડા અને ભજનમંડળીઓ, મહંતશ્રીઓ સુરક્ષા માટે રથયાત્રા સાથે બંદોબસ્તમાં 4 હજાર 500

પોલીસકર્મી જોડાશે. જ્યારે ટ્રાફિકના સંચાલન માટે 1 હજાર 931 જવાન તહેનાત રહેશે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રથયાત્રા દરમિયાન સામાજિક માધ્યમથી કોઈ અફવા કે ખોટા-ગેરમાર્ગે દોરાતા સમાચારો, વિગતો ક્યાંય પ્રસિદ્ધ થાય તો લોકોને સત્ય હકીકતથી વાકેફ કરવા પર પોલીસ તંત્ર વિશેષ ધ્યાન આપે તેવું સૂચન કર્યું હતું.

પોલીસ કમિશનરે જણાવ્યું કે, 47 જેટલા સ્થળ પરથી 96 કેમેરા, 20 ડ્રોન, 1 હજાર 733 બોડીવોર્ન કેમેરા દ્વારા લાઈવ મોનિટરિંગ કરાશે.

.................

## RATHYATRA PRESS

રાજ્યભરમાં અષાઢી બીજ સાતમી જુલાઇએ ભગવાન જગન્નાથજીની 136 રથયાત્રા, 73 શોભાયાત્રા મળીને કુલ 209 યાત્રાઓ યોજાશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગાંધીનગર ખાતે મંત્રીમંડળની બેઠકમાં ગઇકાલે યાત્રા સંબંધિત મુદ્દાઓ વિશે ચર્ચા કરવામાં આવી.

આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે અમદાવાદમાં યોજાનારી રક્ષયાત્રામાં ભક્તોની સલામતી અને સુરક્ષા વ્યવસ્થા માટેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. શ્રી પટેલે કહ્યું કે રથયાત્રાના રૂટમાં આવતા સંવેદનશીલ વિસ્તારો પર CCTV કેમેરા દ્વારા સતત નિરીક્ષણ કરાશે.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.................

## E-KUTIR – BALVANTSINH RAJPUT

માનવ કલ્યાણ યોજનાનો લાભ લેવા ઇચ્છુક નાગરિકો ઇ-કુટિર પોર્ટલ અથવા મોબાઇલ એપ દ્વારા અરજી કરી શકશે.

રાજ્યના કુટિર મંત્રી બળવંતસિંહ રાજપૂતે ગાંધીનગરથી માનવ કલ્યાણ યોજનાની વર્ષ 2024-25 માટેની અરજી મંગાવવાનો આરંભ કર્યો.

આ ઉપરાંત મંત્રીએ વળતર માન્યતા ધરાવતી ઔદ્યોગિક સહકારી મંડળીઓની હાથશાળોના જીઓ ટેગીંગ દ્વારા વેરીફીકેશન માટેની મોબાઇલ એપ પણ લોન્ચ કરી.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં નાના પ્રકારના ધંધા-રોજગાર કરતાં સમાજના નબળા વર્ગના નાગરિકોને માનવ કલ્યાણ યોજના અંતર્ગત સાધન, ઓજારો એટલે કે ટુલ કીટ આપવામાં આવે છે. અરજદારો આજથી આગામી બે મહિના સુધી ઇ-કુટીર ડોટ ગુજરાત ડોટ જીઓવી ડોટ ઇન પર ઓનલાઇન અરજી કરી શકશે.

.................

## GUJ WEATHER

નૈઋત્યનું ચોમાસું રાજ્યમાં સક્રીય બનતા સાર્વત્રિક વરસાદની સ્થિતિ યથાવત્ છે. રાજ્યના હવામાન વિભાગે આજથી ત્રણ દિવસ દક્ષિણ ગુજરાત સહિતના અનેક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે ભારે વરસાદની આગાહીને જોતા આજે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, સુરત, નવસારી, વલસાડ, દીવ, દમણ અને દાદરાનગર હવેલીમાં ઑરેન્જ અલર્ટ જાહેર કરાયું છે.

રાજ્યમાં 206 જળાશયોમાં 32 ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે. સુરેન્દ્રનગર જિલ્લાનો વાંસલ અને જામનગર વધાડિયા ડેમ સંપૂર્ણ છલકાતા હાઈ અલર્ટ અપાયું છે. જ્યારે સરદાર સરોવર યોજનામાં 50 ટકાથી વધુ જળસંગ્રહ થયો છે.

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, જિલ્લાની જીવાદોરી શેત્રુંજી ડેમમાં ઉપરવાસમાંથી નવા નીર આવતા ડેમની સપાટી 16.8 ફૂટે પહોંચી હતી. છેલ્લા 24 કલાકમાં શેત્રુંજી ડેમની સપાટીમાં એક ફૂટનો વધારો નોંધાયો છે.

ગીર સોમનાથના ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ, અત્યાર સુધી સૌથી વધુ સવા 11 ઇંચ વરસાદ કોડિનાર તાલુકામાં નોંધાયો. જ્યારે સૌથી ઓછો પાંચ ઇંચ વરસાદ વેરાવળ તાલુકામાં નોંધાયો છે.

રાજકોટના સિંચાઈ વિભાગના જણાવ્યા મુજબ, આઠ જળાશયોમાં નવા નીર આવતા અત્યાર સુધીમાં ફોફળ ડેમ 34 ટકા, વેણુ 2 ડેમ 41 ટકા, ન્યારી–2 ડેમ 41 ટકા, ભાદર–2 ડેમ 81 ટકા ભરાયો છે. હાલમાં આજી–2 અને ભાદર–2 ડેમનો એક દરવાજો 0.075 મીટર ખોલવામાં આવ્યો છે.

જૂનાગઢના ઓઝત-૨, કચ્છના કાલાગોગા, મોરબીના ઘોડાધરોઈ, રાજકોટના ભાદર-૨ અને સુરેન્દ્રનગરના ધોળીધજા ડેમને એલર્ટ અપાયું છે. રાજ્યના કુલ પાંચ જળાશયો ૭૦ ટકાથી ૮૦ ટકા વચ્ચે ભરાતા ચેતવણી આપવામાં આવી છે.

.................

## PANCHMAHAL BHARTI MELO

પંચમહાલ જિલ્લા રોજગાર વિનિમય કચેરી તેમજ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગોધરા દ્વારા ઑટોમોબાઇલ ક્ષેત્રના અનુભવી ઉમેદવારો માટે ઔદ્યોગીક રોજગાર ભરતી મેળો 5 જુલાઈના રોજ યોજાશે.

અનુબંધમ પોર્ટલ તેમજ એન.સી.એસ પોર્ટલ દ્વારા ભરતી માટેની પ્રક્રિયા હાથ ધરાશે. 25 કે તેથી વધુ વયના ઑટોમોબાઇલ ઇન્ડસ્ટ્રી અનુભવી ઉમેદવારોને, નક્કી કરેલા નિયમો અનુસાર ઇન્ટરવ્યૂ પ્રક્રિયા દ્વારા રોજગારીની તક આપવામાં આવશે.

.................